આરબીડી / ડીએમએસ પત્રક પ્રમાણીત કરવા બાબત.

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.

પરિપત્ર ક્રમાંક :– હિતિનિ / ટીસી/ ફા.૧૧૪/ આરબીડી/ ૩૦૦૩/ ૩૫૮૯૦
તારીખ :– ૩ –૦૬–૨૦૦૮

**:: પરિપત્ર – ૧૧ / ૨૦૦૮ ::**

આથી પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ–ગાંધીનગર તથા તમામ શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી અને તમામ પેટા તિજોરી અધિકારીશ્રીના અંગત ધ્યાન પર લાવવામાં આવે છે કે, બેંક તરફથી રોજેરોજના આવક–ખર્ચના દૈનિક સ્ક્રોલની તથા માસના અંતે રજૂ થતાં આરબીડી પત્રક (ડેઈટ વાઈઝ મંથલી સ્ટેટમેન્ટ)ની ચકાસણી કરવાની બાબત અત્યંત નાણાંકીય અગત્યતાવાળી અને સંવેદનશીલ હોઈ બેંક તરફથી આપવામાં આવતા દૈનિક સ્ક્રોલ તથા માસિક પત્રકોની ચકાસણી અંગે નીચે જણાવેલ સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

- બેંક સાથે વ્યવહાર કરતી દરેક કચેરીએ બેંક વાર આરબીડી રજીસ્ટર અદ્યતનરીતે નિભાવવાનું રહેશે.
- બેંક તરફથી મોકલવામાં આવતા આવક–ખર્ચના સ્ક્રોલ સાથે ચલણો અને વાઉચરોની રકમ સ્ક્રોલમાં દર્શાવેલ રકમ સાથે સરખાવવી.
- બેંક તરફથી દૈનિક સ્ક્રોલની સાથે મોકલેલ <u>યલો સ્લીપમાં</u> દર્શાવેલ આવક –ખર્ચના આંકડાની નોંધ આરબીડી રજીસ્ટરમાં કરવી.
- તિજોરીના હિસાબ મુજબ દૈનિક આવક –ખર્ચના આંકડા આરબીડી રજીસ્ટરમાં નોંધેલ દૈનિક આરબીડીના આંકડાઓ સાથે સરખાવવા.
- બેંક તરફથી માસના અંતે સંબંધિત કચેરીને ડીએમએસ (ડેઈટ વાઈઝ મંથલી સ્ટેટમેન્ટ) આપવામાં આવે છે. જેમાં દર્શાવેલ રોજેરોજના આવક ખર્ચના આંકડાની ચકાસણી આરબીડી રજીસ્ટરમાં નોંધેલ રોજેરોજના આવક–ખર્ચના આંકડા સાથે કરવી.
- ડીએમએસ (ડેઈટ વાઈઝ મંથલી સ્ટેટમેન્ટ)માં દર્શાવેલ માસના અંતની કુલ રકમ તથા ચોખ્ખા તફાવતની રકમ સાથે કચેરીમાં નિભાવેલ આરબીડી રજીસ્ટરના માસના અંતની આવક ખર્ચની કુલ રકમ તથા ચોખ્ખા તફાવતની રકમ આવક–ખર્ચની સાથે સરખાવવી.
- બેંક તરફથી મોકલેલ ડીએમએસ (ડેઈટ વાઈઝ મંથલી સ્ટેટમેન્ટ)ના આંકડાઓ સાથે કચેરીમાં નિભાવેલ આરબીડી રજીસ્ટરના આંકડાઓ મળી ગયા બાદ ડીએમએસ વેરીફાઈડ કરવાનું રહેશે. જે વીડીએમએસ (વેરીફાઈડ ડેઈટ વાઈઝ મંથલી સ્ટેટમેન્ટ) તરીકે સંબંધિત બેંક, તિજોરી કચેરી, તથા એ.જી.કચેરીને મોકલવાનું રહેશે.

➢ જિલ્લા તિજોરી કચેરીમાં નિભાવવામાં આવેલ પેટા તિજોરી કચેરી વાર આરબીડી રજીસ્ટરમાં લખેલ દૈનિક આવક જાવક સાથે સંબંધિત પેટા તિજોરી કચેરીમાંથી મળેલ વીડીએમએસ માં દર્શાવેલ દૈનિક આવક જાવકના આંકડાની સરખામણી કરી તથા આરબીડી રજીસ્ટરમાં દર્શાવેલ કુલ આવક જાવક અને ચોખ્ખા તફાવતની રકમ સાથે વીડીએમએસમાં દર્શાવેલ કુલ આવક–જાવક અને ચોખ્ખા તફાવતની રકમ ચકાસણી કર્યા બાદ જ વીડીએમએસ (વેરીફાઈડ ડેઈટ વાઈઝ મંથલી સ્ટેટમેન્ટ) પ્રમાણીત કરવાનું રહેશે.

➢ ડીએમએસ/ વીડીએમએસમાં થયેલ કોઈ પણ સુધારાઓ એક પક્ષે ન કરતા બેંક તથા સંબંધિત કચેરી દ્વારા સંયુકત સુધારાઓ કરી બંનેએ આવા સુધારાઓ પ્રમાણીત કરવા. પેટા તિજોરી કચેરીના કિસ્સામાં સુધારા અંગે તિજોરી અધિકારીએ કાઉન્ટર સાઈન કરવી તથા તિજોરી કક્ષાએ સુધારા થાય તો તે બાબત તિજોરી નિયંત્રણ શાખાના ધ્યાને લાવવી.

➢ હિસાબ એ.જી.કચેરીને મોકલ્યા પછી હિસાબ મુજબની આરબીડીને અસર થાય તેવા કોઈપણ સુધારા વીડીએમએસમાં કરવા નહીં જેથી એ.જી. કચેરી અને રીઝર્વ બેંક સાથેના આંકડામાં તફાવત રહે નહી.

➢ જિલ્લા તિજોરી કચેરી કક્ષાએથી સંબંધિત બેંકની આરબીડી માટેની લીંક ઓફીસને વીડીએમએસ (વેરીફાઈડ ડેઈટ વાઈઝ મંથલી સ્ટેટમેન્ટ) પછીના માસની **<u>૫ તારીખ</u>** સુધીમાં અચૂક મોકલી આપવા

કેટલીક જિલ્લા તિજોરી કચેરીઓ દ્વારા ઉકત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ ન થવાના કારણે રીઝર્વ બેંક / સંબંધિત બેંક તરફથી આરબીડી બાબતે કેટલીક ભૂલો/ વિસંગતતાઓ અત્રે ધ્યાન પર લાવવામાં આવેલ છે. આમ, ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય તે માટે અત્રેથી અપાયેલ સૂચનાઓનો અમલ ન થવાને કારણે કોઈ પણ ક્ષતિ માટે નાણાંકીય વ્યવહારમાં વિલંબના સંદર્ભમાં તથા નુકશાન માટે સબંધકર્તાની જવાબદારી નકકી કરવાની ફરજ પડશે જેની નોંધ લેવી.

(signature) ..
**નિયામક** ૩/૬/૪

**<u>નકલ રવાના પ્રતિ,</u>**

૧. શ્રેયાન/ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી (તમામ)
૨. પેટા તિજોરી અધિકારીશ્રી, પેટા તિજોરી કચેરી,........................(તમામ)(જિ.તિ.અશ્રી મારફતે)
૩. પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ...........................
૪. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર.